સાક્ષીઓ ફરી જતાં અમરોલી હત્યા કેસના સાત આરોપી છુટી ગયા

સુરતઃ તા. ૦૭.૦૮.૨૦૨૨ના રોજ રાત્રે અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારના કોસાડ આવાસમાં મુકેશ ઉર્ફે બોક્સર ખોડાભાઈ પરમારની હત્યા થઈ હતી. આ કેસમાં પોલીસે કુલદિપ ઉર્ફે છોટુ યાદવ, રફીક ઈબ્રાહીમ, આમીન ઉર્ફે પંજી, શંકર છૈલ, સાદીક ઉર્ફે ભીખન, હીરજ ઉર્ફે ડાયો, અશરફ ઈદ્રીશ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસમાં આરોપીઓ તરફે એડવોકેટ પી.ટી. રાણાએ બચાવ કર્યો હતો. મોટાભાગના સાક્ષીઓ ફરી ગયાં હતાં. તમામ પક્ષકારોની રજૂઆત બાદ સેશન્સ કોર્ટે તમામ આરોપીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

વકીલ પર હુમલો કરનાર આરોપીના જામીન ફગાવાયા

સુરતઃ વકીલ વિનોદ ગોહિલ ઉપર હુમલો કરનાર આરોપી હરિ ઓમ તોમરની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસમાં અગાઉ વકીલોની રજુઆત બીએનએસની કલમ ૧૦૯(૧)નો ઉમેરો કરવાની પોલીસને ફરજ પડી હતી.ઉધના પોલીસ સ્ટેશને નોંધાયેલા આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપી હરિ તોમરે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે મુળ ફરિયાદી નાં વકીલ તરીકે બારનાં પ્રમુખ ઉદય પટેલ હાજર થયાં હતાં. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

ગટરલાઈનમાં કેમિકલ ઠાલવવાનાં કેસમાં આરોપીનો છુટકારો

સુરતઃ સાત વર્ષ પહેલાં પાંડેસરા જીઆઇડીસીમાં ગેરકાયદે રીતે પ્રદુષિત કેમિકલ ગટરલાઈનમાં ઠાલવી માનવજીવનનું સ્વાસ્થ્ય જોખમનાં કેસમાં કોર્ટે હિન્દ કેમિકલ કંપની તથા માલિકને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કેસ કર્યો હતો. કંપની માલિક નિતિષ ત્રિભુવનદાસ પટેલનાં તરફે એડવોકેટ કમલેશ રાવલ તથા દિવ્યા ચૌધરીએ બચાવ પક્ષે દલીલો કરી હતી. તમામ પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે કંપની અને માલિક નિતિષ પટેલને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. જ્યારે આરોપી મેનેજર ત્રિભોવનદાસનું નિધન થતાં તેમની સામેનો કેસ એબેટ કરાયો હતો.

પાણી ગરમ કરતી વખતે આગ લાગતા વૃદ્ધાનું મોત

સુરતઃ ન્યુ રાંદેર રોડ પર આવેલ મગન ઈશ્વરના તબેલામાં 82 વર્ષીય ભીખીબેન પ્રવીણભાઈ પટેલ એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેઓ મોરા ખાતે ખાનગી ઓફિસમાં નોકરી કરતાં હતા. ગત 16 ઓગસ્ટના રોજ સવારે ભીખીબેન ઘરે પાણી ગરમ કરતાં હતા. તે વખતે ભીખીબેનના કપડામાં આગ લાગી હતી. જેથી તેઓએ બૂમાબૂમ કરતાં પરિવારજનો દોડી આવ્યાં હતા અને તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન કાલે રાત્રે તેમનું મોત થયું હતું.

ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં કોર્ટે યોગી ચોકના આરોપી અશોક લાધા પીપળીયાને દોષિત ઠેરવીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આરોપીએ ઘી રચના કો-ઓ. ક્રેડિટ સોસાયટીમાંથી ૧ લાખની લોન લીધી હતી. લોન ચૂકવણી પેટે આરોપીએ રૂ.૫૯,૪૫૦નો ચેક આપ્યો હતો. જે રિટર્ન થતાં સંસ્થાએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે કેસ કર્યો હતો. જેની સુનાવણી પૂર્ણ થતાં કોર્ટે આરોપીને એક વર્ષની સજા અને

આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશ અયોધ્યાના વતની અને હાલ પાંડેસરા ખાતે આવેલ ચામુંડા નગરમાં રહેતા 31 વર્ષીય રામનાથ ભોલાનાથ વિશ્વકર્માએ રૂમમાં લોખંડની પાઇપ સાથે સાડી બાંધીને ફાંસો ખાઈબે આપઘાત કરી લીધો હતો.

ભેળ- સેન્ડવીચ બાદ ફરાળી લોચો

ચટાકેદાર બટાકાવડા, રેડી-ટુ-ઈટ ફરાળી ખીચું, ભાખરી અને પફ પણ બજારમાં આવી ગયા છે

સુરતઃ સુરતીઓ માટે કહેવાય છે કે 'સુરતનું જમણ અને કાશીનું મરણ'. પણ જો શ્રાવણ માસમાં ઉપવાસ હોય અને સુરતી જીભને લોચો કે બટાકા વડાનો ચટાકો ન મળે, તો તો ઉપવાસ અડધો જ ગણાય! આ જ સુરતી સ્વાદપ્રેમીઓ માટે શહેરના ફાસ્ટ ફૂડ કલ્ચરમાં હવે ધમાકેદાર 'ફરાળી ટ્વિસ્ટ' આવી ગયો છે. અત્યાર સુધી શ્રાવણમાં જે ફરાળ માત્ર પેટીસ, ચેવડો કે મોરૈયાની ખીચડી સુધી સીમિત હતો, ત્યાં હવે 'ફરાળી લોચો', 'ચટાકેદાર બટાકા વડા', 'ફરાળી ભેળ', 'સેન્ડવીચ' અને 'સમોસા'ની બોલબાલા વધી ગઈ છે. ભાગળના જાણીતા ફરસાણ વેપારી સુરેશભાઈ રેશમવાળાએ શ્રાવણ શરૂ થવાના મહિનાઓ અગાઉથી જ પ્રયોગો શરૂ કરી દીધા હતા. સુરતીઓ સ્વાદ કે ટેક્સચરમાં સહેજ પણ બાંધછોડ ન કરે! એટલે સાબુદાણા અને મોરૈયાના લોટનું પરફેક્ટ સેટિંગ કરી, તેને છાશમાં પલાળીને બિલકુલ ઓરિજિનલ લોચા જેવો જ ગરમાગરમ ફરાળી લોચો તૈયાર કરાયો છે. જેમાં આદુ, લીલા મરચાં, સિંધવ મીઠું, મરી પાઉડર અને જીરાનો મસાલો ભભરાવી પીરસાય છે. આ જ રીતે ખાસ ફરાળી લોટ અને બટાકાના પૂરણ સાથે ચટાકેદાર બટાકા વડા પણ તળાઈ રહ્યા છે.

ડભોલીની ભેળથી લઈને વરાછાની સેન્ડવીચ અને અશ્વિનીકુમારના સમોસા!

સુરતમાં જે ફરાળી નવી નવી વાનગીઓ બનાવવામાં આવી રહી છે તેમાં ડભોલીમાં પંકજ પટેલ દ્વારા ખાસ ફરાળી ચેવડો, મોરૈયાના દાણા, બટાકા અને ખજૂર-આંબલીની ખાટી-મીઠી ચટણી ઉમેરીને એકદમ ચટાકેદાર 'ફરાળી ભેળ' પીરસાઈ રહી છે. જ્યારે વરાછામાં ખાસ 'ફરાળી સેન્ડવીચ' ધૂમ મચાવી રહી છે. અશ્વિનીકુમાર રોડ પર ફરાળી લોટમાં બટાકા અને શક્કરિયાનું પૂરણ ભરીને કડક 'ફરાળી સમોસા' તૈયાર થઈ રહ્યા છે. વાનગી ફરાળી હોય તો ચટણી કેમ રહી જાય? સીંગદાણા, તલ, કોપરું અને લીલી કોથમીરની સ્પેશિયલ ફરાળી ચટણી હવે આ તમામ નાસ્તા સાથે પીરસીને સ્વાદ બમણો કરવામાં આવી રહ્યો છે.

રેડી-ટુ-ઈટ અને આખી 'ફરાળી થાળી'

આજના ફાસ્ટ જમાના માટે બજારમાં ઇન્સ્ટન્ટ ફરાળી ખીચું, ઢોકળાના લોટ, ફરાળી ભાખરી અને પફ પણ ઉપલબ્ધ છે. તો બીજી તરફ જેમને સવાર-સાંજ પેટભરીને જમવું હોય તેમના માટે 'ફરાળી થાળી' બેસ્ટ વિકલ્પ બની છે–જેમાં મોરૈયો, ફરાળી કઢી, બટાકા-સુરણનું શાક, રાજગરાની ગરમાગરમ પુરી, સુરણની ચીપ્સ અને મીઠાઈ સામેલ હોય છે. બદલાતી જીવનશૈલીને કારણે હવે ઘરે ઝડપથી તૈયાર થઈ જાય તેવી ફરાળી વાનગીઓની પણ માંગ વધી છે. બજારમાં ઇન્સ્ટન્ટ ફરાળી ખીચું અને ફરાળી ઢોકળાના તૈયાર લોટ ઉપલબ્ધ છે. માત્ર પાણી ઉમેરી ગણતરીની મિનિટોમાં વાનગી તૈયાર કરી શકાય છે. આ ઉપરાંત ફરાળી ભાખરી અને પફ પણ બજારમાં જોવા મળી રહ્યા છે. સુરતમાં ફરાળી થાળીનો ટ્રેન્ડ પણ છેલ્લા કેટલાક વર્ષોથી જોવા મળી રહ્યો છે. થાળીમાં મોરૈયો, ફરાળી કઢી, બટાકા-સુરણનું શાક, રાજગરાની પુરી, સુરણની ચીપ્સ, ફરાળી ઢોકળા-ખમણ, ફરાળી પેટીસ અને મીઠાઈ સહિતની વાનગીઓ પીરસવામાં આવે છે. આમ, શ્રાવણમાં ઉપવાસ તો છે, પરંતુ સુરતી જીભ માટે સ્વાદનો ઉપવાસ રહ્યો નથી.

મહિલાઓ સામે જાહેરમાં પેશાબ કરનારને ગરદનથી ખેંચતા મોત

નશાની હાલતમાં મહિલાઓ સામે અડપલાં કરતા યુવકને રોકવા જતાં મામલો બિચક્યો

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળું દબાઈ જવાથી મોતની પુષ્ટિ થતાં આરોપીની ધરપકડ

સુરત : ઉન ચંડાલ ચોકડી પાસે નશાની હાલતમાં મહિલાઓ સામે જાહેરમાં પેશાબ કરી રહેલા 23 વર્ષીય યુવકને અટકાવતી વખતે તેની ગરદન પકડીને ખેંચવામાં આવતા શ્વાસ રૂંધાઈ જતાં તેનું મોત થયું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, ભેસ્તાનના મારૂતીનગરમાં રહેતા ભુવાનીરામ ભિશન ખેડેકરનો પુત્ર નિતેશ સચિન GIDCની એક મિલમાં મજૂરી કરતો હતો. 18 ઓગસ્ટની રાત્રે આશરે નવ વાગ્યે નિતેશ ચંડાલ ચોકડી પાસે હબીબ કટીંગની દુકાનના ઓટલા નજીક બેભાન હાલતમાં મળી આવ્યો હતો. પરિવારજનો તેને નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો. નિતેશને દારૂ પીવાની ટેવ હોવાથી અને શરીર પર દેખીતી ઈજા ન હોવાથી પોલીસે શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન પરિવાર મધ્યપ્રદેશમાં અંતિમવિધિ પૂર્ણ કરી પરત ફર્યો ત્યારે પોલીસને PM રિપોર્ટ મળ્યો હતો. રિપોર્ટમાં ગળું દબાઈ જવાથી શ્વાસ રૂંધાવાના કારણે મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. PM રિપોર્ટ અને સાક્ષીઓના આધારે પોલીસે મૃ શુભમ પાત્રા સામે હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

વરાછામાં માથાભારે દબાણકર્તા, અસામાજિક તત્ત્વનો આતંક

ભાજપનાં કોર્પોરેટર કાવ્યા કથીરિયાએ સામાન્ય સભામાં કરેલી રજૂઆતથી શાસકો બેકફૂટ પર

સુરતઃ મનપાની સામાન્ય સભામાં સત્તા પક્ષ ભાજપનાં જ મહિલા કોર્પોરેટર કાવ્યા કથીરિયાએ પોતાના વિસ્તારમાં અસામાજિક તત્ત્વોના અડ્ડા અને માથાભારે દબાણકર્તાઓનો આતંક હોવાની જાહેર કબૂલાત કરતાં તંત્રની નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વરાછા રોડ પર આવેલા ધારૂકા કોલેજથી ચીકુવાડી સુધીના મુખ્ય માર્ગની બંને તરફ ગેરકાયદે ફૂટલારીઓ, શાકભાજીની લારીઓ અને વિવિધ દબાણોના કારણે રસ્તો અત્યંત સાંકડો થતાં લોકોને મુશ્કેલી પડી રહી છે. એક તરફ ભાજપ શાસકો શહેરમાં 'સબ સલામત'ના દાવાઓ કરે છે, તો બીજી તરફ તેમના જ પ્રતિનિધિઓએ સભામાં તંત્રની પોલ ખોલી નાંખી છે.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે કોર્પોરેટર દ્વારા ગત 5 જુલાઈએ પોલીસ કમિશનરને લેખિત પત્ર પાઠવીને સાત દિવસમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી ચીમકી પણ આપવામાં આવી હતી કે જો નિયત સમયમાં કાર્યવાહી નહીં થાય તો પ્રજાને સાથે રાખીને સ્વયંભૂ પગલાં ભરવામાં આવશે. છતાં, દબાણકર્તાઓ સામે કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં આખરે સામાન્ય સભામાં ફરી રજૂઆત કરવાની ફરજ પડી છે. જો સત્તાધારી પક્ષના ચુંટાયેલા પ્રતિનિધિઓની રજૂઆતનું પણ અધિકારીઓ પાસે કંઈ ઉપજતું ન હોય, તો સામાન્ય નાગરિકોની ફરિયાદોનું શું થતું હશે??

વરસાદ વિના પણ સુરતના રસ્તાનો ભૂવા પ્રેમ અવિરત

■ વિરામ લીધેલા વરસાદ વચ્ચે પણ રાંદેર ઝોનમાં રસ્તાઓ પર મસમોટા ભૂવા પડવાનો સિલસિલો યથાવત રહેતા તંત્રની ભારે પોલ ખુલી ગઈ છે. અડાજણના કાવસજી નગરના ગેટ બહાર બદ્રીનારાયણ મંદિરની બાજુમાં એક મોટો ભૂવો પડી ગયો છે. વરસાદ ન હોવા છતાં પણ રસ્તાઓનું ધોવાણ થઈ જવું અને ભૂવા પડવા એની પાછળ રસ્તાની નબળી ગુણવત્તા જ કારણ હોય શકે છે. બીજી તરફ, નજીક જ આવેલી આહુરાનગર સોસાયટીની બહાર પણ એક મસમોટો ભૂવો પડી ગયો છે, જ્યાં ડ્રેનેજ લાઈન તૂટી ગઈ હોવાથી અંડરગ્રાઉન્ડ સતત પાણી વહી રહ્યું છે. તંત્રની ઘોર બેદરકારી એટલા હદે સામે આવી છે કે, અહીં કોઈ પણ જાતનું સેફ્ટી બેરિકેડ મૂકવાની તસદી પણ લીધી નથી. માજી કોર્પોરેટરે જાતે બેરિકેડ શોધીને ભૂવા પાસે મૂકવાની ફરજ પડી હતી.

પ્લોટનું રિઝર્વેશન દૂર કરવાના નામે બિલ્ડર સાથે 12.85 લાખની ઠગાઈ

બોગસ SMC અધિકારીઓ ઊભા કરી દલાલે ખેલ પાડ્યો

સુરત : ડિંડોલી કરાડવા રોડની રાજદીપ સોસાયટીમાં રહેતા અને ખટોદરા નવજીવન સર્કલ પાસે 'શ્રી ક્રિષ્ણા ડેવલપર્સ'ના નામે જમીન લે-વેચનો વ્યવસાય કરતા ક્રિશ્નાદત્ત સુરેશચંદ્ર દુબેએ ડિંડોલીના દીપકનગરમાં આવેલા પોતાના ત્રણ પ્લોટને મનપાના રિઝર્વેશનમાંથી કઢાવવા માટે દલાલ બાલકૃષ્ણ રામરાજ પાંડેને કામ સોંપ્યું હતું. પાંડે પોતે વકીલાત કરતો હોવાનું તેમજ SMCમાં સારી ઓળખાણ હોવાનું જણાવી રિઝર્વેશન દૂર કરાવી આપવાની ખાતરી આપી હતી. બાદમાં અધિકારીઓ સાથે મીટિંગ કરાવીને રૂપિયા 12 લાખ લઈ લીધા હતા. બાલકૃષ્ણ પાંડેએ બાદમાં મુકેશભાઈ અને કિરીટભાઈ નામના બે શખ્સોને SMCના ઉચ્ચ અધિકારીઓ તરીકે રજૂ કરી મિટિંગ કરાવી રૂપિયા 12 લાખનો ખર્ચ થશે તેમ કહી અલગ-અલગ તબક્કે વેપારી પાસેથી રકમ લેવામાં આવી હતી. બાદમાં રિઝર્વેશન દૂર નહીં થતાં પૈસા પાછા આપ્યા નહોતા. જેથી ખટોદરા પોલીસે ગુનો નોંધ્યો હતો.

અધિકારીની બદલીનું પણ નાટક રચ્યું

ઉઘરાણી કરાતાં આરોપીઓએ 'કિરીટભાઈ અધિકારીની બદલી થઈ ગઈ છે' તેવી વાત કરી હતી. ત્યારબાદ અજીતસિંઘ નામના અન્ય શખ્સને નવા SMC અધિકારી તરીકે રજૂ કરી બહુમાળી ભવન ખાતે વેપારી સાથે મિટિંગ પણ કરાવવામાં આવી હતી.

પ્રેમજાળમાં ફસાવી સુરત લવાયેલી 19 વર્ષીય યુવતીનું શંકાસ્પદ મોત

રાજસ્થાનથી યુવતીને ભગાડી લાવી પ્રેમીએ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ પરિવારને ફોટા મોકલી મોબાઈલ બંધ કરી દીધો

શારીરિક સંબંધ બંધાયો હતો કે કેમ તે જાણવા માટે સેમ્પલ લેબમાં મોકલાયા છે: ડોક્ટર

સ્મીમેરમાં ફોરેન્સિક વિભાગના ડોક્ટર સંદિપ રલોતીએ જણાવ્યું કે, યુવતીનું પોસ્ટમોર્ટમ કરતા લીવર અને કમળાની બિમારી હોવાનું જાણવા મળ્યું છે. યુવતી સાથે શારિરીક સંબંધ બંધાયા છે કે નહી તેમજ તેના મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહના સેમ્પલ લેબમાં મોકલાયા છે.

સુરતઃ રાજસ્થાનથી 19 વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવી સુરત લાવનાર પ્રેમી તેને સ્મીમેર હોસ્પિ. માં ખરાબ હાલતમાં છોડીને ભાગી છૂટ્યો હતો. યુવતીનું મોત થતાં પોલીસે તપાસ શરૂ કરી છે. સ્મીમેરમાં યુવતીને લઈને આવનારના સીસીટીવી ફુટેજ વાયરલ થયા હતા.

રાજસ્થાનના ગુડામાલાણી ગામમાં શાકભાજીનો વ્યવસાય કરતા પરિવારની 19 વર્ષીય કુમકુમ રાવને દિલીપ નામનો આશરે 45 વર્ષીય આધેડ પ્રેમજાળમાં ફસાવી ચાર દિવસ અગાઉ સુરત લઈ આવ્યો હતો. કુમકુમને પ્રથમ અમદાવાદ અને ત્યારબાદ સુરત ખાતે લાવવામાં આવી હતી. સુરતમાં લંબે હનુમાન રોડ ઉપર એક મિત્રના ઘરે રોકાયા બાદ અચાનક કુમકુમની તબિયત લથડતાં તેને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ દિલીપ યુવતીના પરિવારજનોને વ્હોટ્સએપ પર હોસ્પિટલના ફોટા મોકલી દીકરીની તબિયત ખરાબ હોવાનું જણાવી ભાગી ગયો હતો અને મોબાઈલ બંધ કરી દીધો હતો. બીજી તરફ કુમકુમનું મોત થયું હતું. કુમકુમના મોતના સમાચાર મળતાં રાજસ્થાનમાં રહેતા પરિવારજનો અને સુરતમાં રહેતા સમાજના લોકો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, આરોપી અગાઉ પણ યુવતીઓને આ રીતે ફસાવી ચૂક્યો હોવાની વાત પરિવારે કરી હતી. જોકે આ બાબતની સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ જ થઈ શકશે.

આર્થિક સંકડામણમાં જીમ ટ્રેનરે ઝેર પીને જીવન ટૂંકાવ્યું

સુરતઃ પરવટ પાટિયા વિસ્તારમાં રહેતા 34 વર્ષીય જીમ ટ્રેનરે આર્થિક સંકડામણમાં ઝેર પીને આપઘાત કરી લીધો હતો. જ્યારે મૃતકની પત્ની હાલમાં ગર્ભવતી છે. મળતી માહિતી મુજબ, પરવટ પાટિયા ખાતે આવેલા હીરા નગરમાં હિમાંશુ વસંતલાલ ઘીવાલા (ઉં.વ.34) એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા અને જીમ ટ્રેનર તરીકે કામ કરતાં હતા તેમજ તેમની પત્ની હાલ ગર્ભવતી છે. દરમિયાન કાલે બપોરના સમયે હિમાંશુએ ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનોએ તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પુણા પોલીસની પ્રાથમિક તપાસમાં હિમાંશુએ આર્થિક સંકડામણના કારણે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા સામે આવી છે.

સચિન GIDCના ડી-સ્ટાફની ભૂમિકા શંકાના ઘેરામાં

બુટલેગર કાલુને બચાવવા સચિન GIDC પોલીસનો મોટો 'વ્યવહાર'

ઉચ્ચ અધિકારીઓ તપાસ કરે તો 'રોકડી' કરનારાઓના ચહેરા ખુલ્લા પડશે

બુડિયા જુગારધામ દરોડા પ્રકરણમાં વોન્ટેડ ૧૨ આરોપી અને પોલીસની મિલીભગત સામે ગંભીર સવાલો

સુરતઃ સચિન જીઆઈડીસી પોલીસમથક હેઠળના બુડિયા ગામમાં પકડાયેલા હાઈપ્રોફાઈલ જુગારધામ અને દારૂના દરોડા પ્રકરણમાં હવે સ્થાનિક ડી-સ્ટાફ (ડીટેક્શન સ્ટાફ)ની ભૂમિકા સામે શંકાની સોય તકાતા પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

દરોડા દરમિયાન ફરાર થઈ ગયેલા ૧૨ વોન્ટેડ આરોપી પૈકીના કુખ્યાત બુટલેગર કમલેશ ઉર્ફે કાલુને બચાવવા માટે સ્થાનિક ડી-સ્ટાફ દ્વારા જ આખો તખ્તો ગોઠવી દેવાયો હોવાના વિગતો સામે આવતા ખળભળાટ મચી ગયો છે. ચર્ચાઈ રહેલી ગંભીર વિગતો મુજબ, બુટલેગર કાલુના પૈસાના પગતળે દબાયેલી પોલીસે તેને કેસમાંથી ઉગારવા અને ચોપડે અરેસ્ટ ન બતાવવા માટે પડદા પાછળ મોટો વ્યવહાર કર્યો છે. આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને વોન્ટેડ હોવા છતાં કાલુ સામે કડક કાર્યવાહી ન થાય તે માટે ડી-સ્ટાફના કેટલાક કર્મચારીઓએ બારોબાર મોટી રોકડી કરી લીધી હોવાની સણસણતી ચર્ચાએ જોર પકડ્યું છે. વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ જો આ મામલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તટસ્થ અને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવે, તો બારોબાર સેટિંગ કરીને નાણાં ઓળવી જનારા ડી-સ્ટાફના ખરેખરા ચહેરા ખુલ્લા પડી શકે તેમ છે. શહેરમાં દારૂનું નેટવર્ક ચલાવતા નામચીન આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને બીજી તરફ સ્થાનિક ડી-સ્ટાફના જ કેટલાક કર્મચારીઓ લાખો રૂપિયાનો વ્યવહાર કરીને તેઓને રક્ષણ આપી રહ્યા હોવાના આક્ષેપોથી પોલીસની છબી ખરડાઈ છે. હવે ઉચ્ચ અધિકારીઓ તપાસના આદેશ આપે છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

મગદલ્લામાં યુવતીની છેડતી કરી ટોળાનો ભાઈ પર ઘાતકી હુમલો

છેડતીનો વિરોધ કરનાર યુવકને 10 થી 12 જણાના ટોળાએ ઘેરી લાકડાનો ફટકા ઝીંક્યા

સુરત : મગદલ્લા ગામ ઓવારા પર તાપી નદીના કિનારે બેસવા ગયેલા પરિવાર પર અજાણ્યા અસામાજિક તત્વોના ટોળાએ ઘાતકી હુમલો કરી ધમાસાણ મચાવ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. વેસુ ખાતે રહેતી અને નર્સ તરીકે નોકરી કરતી 28 વર્ષીય યુવતી ગત તા. 23/06/2026 ના રોજ રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે પોતાના પિતરાઈ ભાઈ સાથે મોટરસાઇકલ (નં. GJ 05 TB 2606) લઈને મગદલ્લા ઓવારા પર બેસવા ગઈ હતી. તે સમયે ત્યાં ઊભેલા બે અજાણ્યા યુવકો પૈકી એક પાતળા બાંધાના છોકરાએ યુવતીને જોઈને ગંદી કોમેન્ટ્સ કરવાનું શરૂ કર્યું હતું. ભાઈએ છેડતીનો વિરોધ કરી મારી બહેનને જોઈને કેમ ગંદી કોમેન્ટ્સ કરે છે? તેમ પૂછતાં જ યુવાન અને તેના અન્ય 10 જેટલા મિત્રોએ ભાઈને ગાળો આપી ઢીકમુક્કીનો માર મારવાનું શરૂ કર્યું હતું. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલી યુવતીની પણ અસામાજિક તત્વોએ છેડતી કરી હતી. અજાણ્યા ઈસમે ચપ્પુ કાઢી ભાઈને પીઠ, છાતી અને હાથના ભાગે મારી દીધું હતું. હુમલાખોરોએ યુવકની બાઇકની તોડફોડ કરી હતી અને કલ્પેશનું સોનાનું લોકેટ, સોનાની ચેઇન અને રૂપિયા 3000 રોકડા ભરેલું પર્સ પણ છીનવી લઈ મારી નાખવાની ધમકી આપી હતી. ઉમરા પોલીસે તમામ અજાણ્યા દસથી પંદર આરોપીઓ સામે કાયદેસરનો ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તેમની ધરપકડ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શિક્ષાબંધન: 300થી વધુ બહેન એક શિક્ષકને બાંધે છે રાખડી

છેલ્લા 12 વર્ષથી મનપાની શાળાના શિક્ષક નરેશ મહેતા શિક્ષણ છોડી દેતી દિકરીઓને વિનામુલ્યે આગળ ભણાવી છે

સુરતઃ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નંબર 114 કતારગામના શિક્ષક નરેશ મહેતા રક્ષાબંધન પર્વની એક અનોખી અને પ્રેરણાદાયી ઉજવણી કરીને સમાજ સમક્ષ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. તેઓ એવી દિકરીઓ અને બહેનો કે જેઓ કોઈ કારણોસર શિક્ષણ અધવચ્ચે છોડી દેતી હોય છે અને ધોરણ 10 કે ધોરણ 12ની બોર્ડની પરીક્ષા આપી શકતી નથી, તેવી દીકરીઓને વિનામૂલ્યે શિક્ષણ આપીને બોર્ડની પરીક્ષા અપાવવામાં મદદ કરે છે. એટલું જ નહીં, પરંતુ અભ્યાસ માટે જરૂરી તમામ પુસ્તકો અને મટિરિયલ પણ તેઓ પોતાની તરફથી સાવ મફત પૂરા પાડે છે. નરેશભાઈ છેલ્લા 12 વર્ષથી આ ભગીરથ સેવાકાર્ય નિઃસ્વાર્થ ભાવે કરી રહ્યા છે અને હાલમાં આ સેવાનું 13મું વર્ષ ચાલી રહ્યું છે. તેમના આ અતુલનીય યોગદાનને કારણે શિક્ષણ મેળવીને પોતાના પગભર થયેલી 300થી વધુ બહેનો દર વર્ષે રક્ષાબંધનના પવિત્ર પર્વ પર તેમને ખાસ યાદ કરીને રાખડી બાંધે છે.

આ પવિત્ર તહેવાર નિમિત્તે નરેશ મહેતા દ્વારા એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે, જેને આ વર્ષે ''રક્ષાબંધન સે શિક્ષાબંધન'' એવું સાર્થક નામ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરેશભાઈને રાખડી બાંધવા માટે 300થી વધારે બહેનો લાઈનમાં ઊભી રહીને ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. બહેનોએ તેમને રાખડી બાંધીને આશીર્વાદ તેમજ આભાર વ્યક્ત કર્યો હતો. શિક્ષક ધર્મને ઉજાગર કરતાં નરેશ મહેતાએ તમામ બહેનોને રિટર્ન ગિફ્ટ તરીકે કોઈ ભૌતિક વસ્તુ આપવાના બદલે જ્ઞાનરૂપી પુસ્તકો ભેટમાં આપ્યા હતા. શિક્ષણથી વંચિત રહેલી દિકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવીને ઉજવાતી આ 'શિક્ષાબંધન'ની ઉજવણી શહેરભરમાં ભારે પ્રશંસા પામી રહી છે.

પેઢીમાંથી કર્મચારી ભાઈઓએ 25 લાખનો માલ સેરવી દીધો

દોઢ વર્ષથી ગોડાઉનમાંથી ચોરી કરી માલ સસ્તા ભાવે વેચી નાખ્યો

સુરત : ઉધના અંબિકા ઈન્ડ. સોસાયટી-2માં આવેલી હાર્ડવેર અને પ્લાયવુડની હોલસેલ પેઢીમાં કામ કરતાં ત્રણ કર્મચારી ભાઈઓએ 25 લાખથી વધુની કિંમતની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, કુંભારીયા ગામ સ્થિત નેચર વેલીમાં રહેતા સાંવરમલ ઘાસીરામ પ્રજાપત ઉધનાની અંબિકા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી-2માં 'શિખર એન્ટરપ્રાઈઝ' નામે હાર્ડવેર નો હોલસેલ વેપાર કરે છે. તેમની પેઢીના ગોડાઉનમાં માલ ડિસ્પેચ કરવાની કામગીરી માટે રાજસ્થાનના બીકાનેરના વતની ત્રણ ભાઈઓ રામનિવાસ દિલીપ સિદ્ધ, લોકેશ દિલીપ સિદ્ધ અને પાલીનાથ સિદ્ધને નોકરીએ રાખવામાં આવ્યા હતા.

ગત 11 જુલાઈના રોજ વેપારી સાંવરમલ પ્રજાપત ગોડાઉનના CCTV ફૂટેજ ચેક કરી રહ્યા હતા. તે દરમિયાન રામનિવાસ હાર્ડવેરનો આશરે રૂપિયા 20 હજારની કિંમતનો માલ ચોરીછૂપીથી બહાર લઈ જતો કેમેરામાં કેદ થયો હતો. તપાસ દરમિયાન ત્રણેય ભાઈઓ લાંબા સમયથી ગોડાઉનમાંથી હાર્ડવેરનો માલ સેરવતા હોવાની હકીકત સામે આવી હતી. વેપારીએ રામનિવાસની પૂછપરછ કરતાં છેલ્લા દોઢેક વર્ષ દરમિયાન ત્રણેય ભાઈઓએ ભેગા મળી ગોડાઉનમાંથી આશરે રૂપિયા 25 લાખની કિંમતનો હાર્ડવેરનો માલ ચોરી કર્યો હતો અને બાદમાં તે માલ સસ્તા ભાવે વેચી દીધાનું કહ્યું હતું. જેથી સાંવરમલ પ્રજાપતે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.